# જિલ્લામાં ગુટખાનું વેચાણ કરતા વ્યક્તિઓને પકડવા પોલીસની ખાસ ઝૂંબેશ

## ૧૫ સપ્ટેમ્બર સુધી આકસ્મીક ચેકીંગ કરવા એસ.પી.ની કડક સુચના

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકાર દ્વારા મુકવામાં આવેલા ગુટખા પરના પ્રતિબંધના ચુસ્ત અમલવારી માટે ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકે ગુટખાનું વેચાણ કરતા તથા તેનું સેવન કરતા વ્યક્તિઓને પકડી પાડવા ૧૫ સપ્ટેમ્બર સુધી ઝુંબેશ ચાલુ રાખવા જિલ્લાના તમામ પોલીસમથકના અમલદારોને કડક સુચના આપી દીધી છે. જો કે જિલ્લા પોલીસ પાસે ગુટખા પરના પ્રતિબંધનું જાહેરનામુ મોડી સાંજે પહોંચતા પ્રથમ દિવસે એક પણ કેસ થવા પામ્યો નથી. જો કે તમામ સ્થળોએ પોલીસની ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં ગુટખા પરના પ્રતિબંધની કડક અમલવારી માટે તજવીજ શરૂ થઈ ગઈ છે. જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેના જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ગુટખાનું વેચાણ કરતા તથા તેનું સેવન કરતા વ્યક્તિઓને પકડી પાડવા આજથી ચાર દિવસ ૧૫ સપ્ટેમ્બર સુધી સઘન ઝુંબેશ હાથ ધરવા સુચના આપી દેવાઈ છે. જિલ્લાના તમામ પોલીસ મથકના અમલદારો તેમજ ટીમ સાથે કોઈ પણ સમયે આકસ્મિક ચેકીંગ હાથ ધરશે અને જો કોઈની પાસેથી પ્રતિબંધીત ગુટકા મળશે તો તેવા વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જો કે પ્રથમ દિવસે આ પ્રકારના એક પણ કેસ થવા પામ્યા નથી.

# વેરાના મામલે કરદાતાઓની મુંઝવણ ઉકેલવા મહામંડળની માંગ

## કર વસુલાત મોકુફ રાખવા અપીલ

ગાંધીનગર, તા. ૧૧

વેરાની આકારણી ન્યાયી અને વાજબી ન થાય ત્યાં સુધી વેરાની વસુલાત મોકુફ રાખવા શહેર વસાહત મહામંડળે અપીલ કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર મહાનગરપાલિકાની રચનાના મામલે મહામંડળ કોઈ પ્રક્રીયામાં સક્રિય ન હતું. પરંતુ આ મામલે અગાઉ મહામંડળે લાલબત્તી ધરવાનો પણ પ્રયાસ કર્યો હતો. શહેરમાં મિલ્કતવેરાની માપણી યોગ્ય રીતે થઈ નથી. આકારણી કરનારા સ્થળ પર ગયા નથી. જ્યારે દ્વીધાપૂર્ણ માપણી પ્રક્રીયાના લીધે શહેરીજનોમાં ઉગ્ર અસંતોષ પ્રવર્ત્યો છે.

આવા સંજોગોમાં મિલકતવેરો ભરવાના મામલે પણ કરદાતાઓ મુંઝવણભરી સ્થિતિમાં મુકાયા છે. આવા સંજોગોમાં મહામંડળ કક્ષાએથી સત્તાધીશોને કરાયેલી રજૂઆત સંદર્ભે પણ કોઈ ઉત્તર મળતો નથી. મહામંડળના પદાધિકારીઓ મયુર વ્યાસ, સુધીર દેસાઈ, કીશોર જીકાદરા, કે.પી. પરમાર સહિતના આગેવાનોએ રજૂઆતમાં વધુમાં જણાવ્યા અનુસાર હાલમાં ઈમ્પેક્ટ ફીની મુદત વધારવામાં આવી છે. તેમ મિલકતવેરાના મામલે પણ સંતોષકારક માપણીની પ્રક્રીયા હાથ ધરી વેરો ઉઘરાવાની વિચારણા કરવી જોઈએ. જ્યારે હાલના તબક્કે વેરા વસુલાત સ્થગિત કરવા યુદ્ધના ધોરણે વહીવટી નિર્ણય લેવા પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.

# જૂના સચિવાલયના બે નવા બ્લોકમાં ફર્નિચરનું કામ શરૂ થશે


## કોર્પોરેટ લૂક આપવા મોડ્યુલર ફર્નિચર બનશે : રૂ. ૧.૨૨ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા. ૧૦

જૂના સચિવાલય ખાતે નવીન બ્લોકસ બનાવવાનું કામ પૂર્ણતાના આરે છે. નવ નિર્મિત બે બ્લોકમાં વિવિધ કચેરીઓને કોર્પોરેટ લૂક આપવા ટૂંકમાં ફર્નિચરનું કામ હાથ ધરવામાં આવશે. મોડ્યુલર ફર્નિચર પાછળ રૂ. ૧.૨૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

જૂના સચિવાલય સંકુલમાં બે નવા બ્લોક બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. અલબત્ત બ્લોક નં. ૧૯ અને ૨૦ના નવીન બિલ્ડીંગ નિર્માણ અન્વયે હાલની સ્થિતિએ બ્લોક નં. ૨૦ની કામગીરી ચાલી રહી છે. જ્યારે અન્ય બ્લોકનું કામ પૂર્ણ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી મહિનામાં બાંધકામની કામગીરી પૂર્ણ કરી દેવાશે. એલ અને રેકેટ એંગલના આ બિલ્ડીંગમાં વિવિધ કચેરીઓને કોર્પોરેટ લૂક આપવા ફર્નિચરનું કામ હાથ ધરવા આયોજન કરી દેવાયું છે.

બન્ને બ્લોકની કચેરીઓમાં આધુનિક ફર્નિચર બનાવવા રૂ. ૧.૨૨ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. ફર્નિચરની કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી સપ્તાહમાં કામ શરૂ કરી દેવાશે. ચાર માળના બિલ્ડીંગમાં મોડ્યુલર ફર્નિચર ફીટ કરી કોર્પોરેટર લૂક આપવામાં આવશે. કર્મચારીઓની સુવિધાને ધ્યાને લઈ અન્ય બ્લોકની સાપેક્ષમાં ડિઝાઈનમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. શહેરની સરકારી કચેરીઓમાં પણ હવે કોર્પોરેટ ફીવર છવાયો હોવાથી મોર્ડન લૂક આપવાનો અભિગમ કેળવાયો છે.



ગુજરાત પ્રદેશ ક્ષત્રિય ઠાકોર સમાજ વિકાસ સંઘર્ષ સમિતિ દ્વારા ઠાકોર સમાજના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# ધો. ૧૦ વિજ્ઞાન-ટેકનોલોજીના પુસ્તકમાં ભૂલોની ભરમાર

## સ્ટ્રક્ચર ફોર્મ્યુલા અને વાંકા તીરની દીશા ખોટી દર્શાવાઈ હોવાનો સૂર

ગાંધીનગર, તા. ૧૧

ધો. ૧૦ના વિજ્ઞાન અને ટેકનોલોજીના પુસ્તકમાં ભૂલોની ભરમાર હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. પાઠ્યપુસ્તક મંડળ બોર્ડ દ્વારા રજૂ કરાયેલી એડીશનમાં થિયરીના ટોપિકસમાં સ્ટ્રક્ચર ફોર્મ્યુલા અને વાંકા તીરની દિશામાં ક્ષતિ રહી હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

સ્ટેટ બોર્ડ સ્કૂલ ઓફ ટેક્ષબુકના ધો. ૧૦ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પુરવઠામાં ક્ષતિઓ હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. વર્ષ ૨૦૧૨ની પુસ્તકની ફર્સ્ટ એડીશનમાં વિવિધ પાનાઓ પર ભૂલ થતી હોવાનું શિક્ષિત વિષય તજજ્ઞો જણાવી રહ્યા છે.

આ મામલે વિષય નિષ્ણાંત ધનેશ ગાંધીએ રજૂઆતમાં જણાવ્યુ અનુસાર આવૃત્તિના પાના નં. ૧૨૪, ૧૯૭ અને ૧૨૨માં વિદ્યાર્થીને મુંઝવણ થાય તેવી ભૂલ પ્રકાશિત થઈ છે. તેમના જણાવ્યા મુજબ પુસ્તકમાં પાના નં. ૧૨૪ પર રજુ થયેલી થિયરીમાં વાંકા તીરની દિશામાં ફેરફાર છે. છરી એરો ભૂલમાં અન્ય દિશામાં દર્શાવાયા છે. જ્યારે પાના નં. ૨૨૦ પર દર્શાવેલી સ્ટ્રક્ચર ફોર્મ્યુલામાં પણ ભૂલ છે. જેમાં આરની જગ્યાએ એચ નહીં મુકાતા સ્ટ્રક્ચરનું માળખુ બદલાયું છે. વિજ્ઞાનના વિદ્યાર્થીઓને નિશુલ્ક સેવા પુરી પાડતા આ વિષય તજજ્ઞોએ વિદ્યાર્થીઓની મુઝવણ દૂર કરવા પણ રજૂઆત કરી છે.

## ચૌદગામ લેઉવા પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓને સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ચૌદ ગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ તથા વાર્ષિક સામાન્ય સભા-૨૦૧૨ તા. ૨૩મી સપ્ટેમ્બર-૨૦૧૨નેરવિવારે બપોરે ૨ કલાકે શ્રી બહુચર ફાર્મ, વલાદ, તા. જિ. ગાંધીનગર ખાતેયોજાશે. સમાજના આજીવન સભ્યો, કારોબારી સભ્યોતથા હોદ્દેદારોને નિયત સમયે હાજર રહેવા ખાસ જણાવાયું છે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા ૧૩મીએ સત્સંગ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૧

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર ચેપ્ટર દ્વારા સાપ્તાહિક સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવે છે જે અંતર્ગત તા. ૧૩મી સપ્ટેમ્બર-૨૦૧૨ને ગુરૂવારે રાત્રે ૮.૩૦થી ૧૦ કલાક દરમિયાન સુમનભાઈ ગુર્જર, પ્લોટ નં. ૧૧૩૫/૧, રીંગરોડ, વડપીપળા ગલી, સેક્ટર-૨-ડી, ગાંધીનગર ખાતે ભક્તિ સંગીતનો તથા જ્ઞાનનો સત્સંગ યોજવામાં આવશે. સત્સંગ કાર્યક્રમમાં સર્વે કુટુંબીજનોને મિત્રમંડળ સહિત પધારવા આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર પરિવારે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# ગાંધીનગર સેક્ટર-૨૭નું ડી. એસ. પી. બસ સ્ટેન્ડ જર્જરીત હાલતમાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સહેરના સેક્ટર-૨૭ના ડી.એસ.પી. બસ સ્ટેન્ડની હાલત છેલ્લા ઘણા સમયથી જર્જરિત અને ખંડેર જેવી બની છે ત્યારે સેક્ટર-૨૭ વસાહત મંડળે તેના રીનોવેશન માટે તંત્રને જાણ કરી છે.

છેલ્લા ૨૫ વર્ષથી સેક્ટર-૨૭નું ડી.એસ.પી. બસ સ્ટેન્ડ ભંગાર હાલતમાં પડ્યું છે. ઘણા સમયથી આ બસ સ્ટેન્ડની મરામત કરાવવામાં આવી નથી. સ્થાનિક ધારાસભ્ય શંભુજી ઠાકોરનો રહેણાંક વિસ્તાર હોવા છતાં એસ.ટી. બસસ્ટેન્ડની ખંડેર જેવી હાલત છે. બેસ સ્ટેન્ડના પાટીયા તુટી ગયા છે. બેઠક વ્યવસ્થા ઠીક નથી. ધારાસભ્યની ગ્રાન્ટમાંથી પણ રીનોવેશન થયું નથી. પાટનગરયોજનાના કે ધારાસભ્યના ભંડોળમાંથી બે સિમેન્ટના બાંકડા પણ મુકવામાં આવ્યા નથી. બસ સ્ટેન્ડની આસપાસ જંગલી ઝાડી પણ ઉગી નીકળી છે. મચ્છરોના ઉપદ્રવને લીધે મેલેરિયા જેવા રોગની દહેશત ફેલાઈ છે. આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી આરંભાઈ નથી.




યુવા દિશા કેન્દ્ર ગાંધીનગરના ઉપક્રમે અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ અને નહેરુ યુવા કેન્દ્રના સહયોગથી 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત પારાયણ કથા યોજાશે

ગાંધીનગર, તા.૧૧

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ગાંધીનગર દ્વારા પુનિત માસના પવિત્ર દિવસોમાં તા. ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૨ થી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન બપોરે ૨ થી ૬ કલાક સુધી સેકટર-૪ના ઓમકારેશ્વર મહાદેવના સાંનિધ્યમાં શ્રીમદ્ ભાગવત પારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરના સેકટર-૪માં ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણ કથા પ્રજ્ઞાપુત્રી રશ્મિબેન પટેલ (ડભોઈવાળા) ની વ્યાસપીઠે યોજાશે. જે અંતર્ગત ૧૫મી સપ્ટેમ્બરે ૮.૩૦થી ૧૦.૩૦ કલાક દરમિયાન પુંસવન, અન્નપ્રાશન, નામકરણ, જન્મદિન, મંત્ર દિક્ષા વગેરે સંસ્કાર મહોત્સવ યોજાશે તથા ૧૨.૩૦થી ૨ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૯ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કેન્સર પીડિતો માટે રકતદાન શિબિર, નિઃશુલ્ક નેત્રયજ્ઞ, નિઃશુલ્ક પેપટેસ્ટનો કેમ્પ યોજાશે. ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ગોવર્ધનપૂજા ભૌતિક સંપદાની ઉપયોગીતા અને પર્યાવરણનું જતન અંગે જ્ઞાનાર્ધન થશે તથા ૧૮મીએ પૂર્ણાહુતી સાથે મહાદીપ યજ્ઞ સંપન્ન થશે.

## એક એલ.સી.બી.ના વિસર્જન બાદ ટીમમાં મોટા ફેરફારો

ગાંધીનગર એલસીબીમાં કાર્યરત રહેલી બે એલ.સી.બી. કચેરીઓ પૈકી એક એલ.સી.બી.નું તાજેતરમાં જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા વિસર્જન કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને એલ.સી.બી.નો સ્ટાફ એક એલ.સી.બી.માં મર્જ કરી દેવામાં આવ્યો હતો. ઘણા સમયથી એક સાથે કામગીરી કરતી ૨૩ માણસોની ટીમના ૧૨ની બદલીના આદેશ કરી દઈ એલ.સી.બી.માં મોટા ફેરફારો કરી દેવામાં આવ્યા છે. એલ.સી.બી. પી.આઈ.ની તાજેતરમાં બદલીના આદેશ બાદ અત્યારે ચાર્જમાં ચાલી રહેલા એલસીબીમાં નિમણુંક મેળવવા ગતિવિધીઓ ચાલી રહી છે.

# ગાંધીનગરમાં હેડગેવાર સ્મારક સેવા સમિતિ દ્વારા દિગ્વીજયદિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ અંતર્ગત ડૉ. હેડગેવાર સ્મારક સેવા સમિતિ ગાંધીનગર દ્વારા 'શિકાગો ધર્મ પરિષદ'માં સ્વામી વિવેકાનંજીએ આપે વકતવ્યના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એટલે કે આજે ૧૧ સપ્ટેમ્બરને હિંદુ દિગ્વીજય દિન તરીકેની ઉજવણીનો કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે સવારે દસ વાગે યોજાયો હતો.

હિંદુ દિગ્વીજય દિનના આ કાર્યક્રમમાં યુવાનો અને તરૂણો શારીરિક-માનસિક સ્વસ્થતા ધારણ કરે તથા રાષ્ટ્રકાર્ય માટે મેદાનમાં આવે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો અને રામકૃષ્ણ સ્વામીજીએ યુવાનો આવતીકાલની ભવ્ય સંસ્કૃતિનો વારસો છે. બીડી, સિગારેટ, તમાકુ અને ગુટખા યુવાનોને ગુલામ બનાવે છે. દેશના નવયુવાનોને વ્યસન મુકત બનાવીએ તેમ કહી યુવાનોને પ્રતિજ્ઞા પણ લેવડાવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજી સેકટર-૨૩ ગુરુકુળના ટ્રસ્ટી, પ્રકાશ પાઠક ભોંસલે મિલિટ્રી સ્કુલ, નાસીકના સરકાર્યવાહ ડૉ. ભરત પટેલ હેડગેવાર સ્મારક સમિતિના પ્રમુખ, નરસિંહભાઈ પટેલ, જિલ્લા સંઘસંચાલક, મનુભાઈ મોદી, ગાંધીનગર સંઘસંચાલક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં કડી સર્વ વિદ્યાલયની અશ્વિનભાઈ પટેલ કોલેજ, ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ, સરકારી ઈજનેરી કોલેજ અન્ય સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં કોલેજના યુવક-યુવતીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પાટનાકુવાના યુવાનનું રાજયકક્ષાની યુવા પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ યોગદાન બદલ સન્માન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ (સંગઠન) આયોજિત દહેગામ તાલુકા ગ્રામ્ય શહેરના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા રાજય કક્ષાએ મેળવેલ વિશિષ્ટ સિદ્ધિ પ્રતિભા સમ્માન મહાનુભાવોનો સન્માન કાર્યક્રમ તા. ૯ સપ્ટેમ્બર ૨૦૧૨ રવિવારના રોજ ગીતાબેન આર. પટેલ હોલ દહેગામ કોલેજ ખાતે યોજાયો હતો. રાજયકક્ષાની સાહસિક યુવા પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ યોગદાન બદલ પાટનાકુવા ગામના યુવાન જયંતિભાઈ મોતીભાઈ પટેલને સમારંભના મહાનુભાવ હરીનભાઈ પાઠક (સંસદ સભ્ય) ના વરદ હસ્તે શાલ, સન્માનપત્ર અને શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓએ આ વિશિષ્ટ સિદ્ધિ બદલ પાટનાકુવા ગામનું ગૌરવ વધાર્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## માણસાના રામપુરાની કિશોરી ગુમ

ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ મથકે ગત ૬ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ નોંધાયેલ જાણવાજોગ મુજબ માણસા તાલુકામાં આવેલ રામપુરા ખાતે રહેતા ગણપતભાઈ ભેમારભાઈ રાવળની દિકરી જયોત્સના ગણપતભાઈ રાવળ (ઉ.વ.૨૦) તા. ૨૦-૮-૨૦૧૨ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે પોતાના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક ચાલ્યા ગયેલ છે. ગુમ થનાર યુવતિ શરીરે પાતળા બાંધાની, રંગે ઘઉં વર્ણી, ઉંચાઈ ૫ ફુટ આશરે. જે ગુજરાતી હિન્દી ભાષા જાણે છે.

# ગુજરાત રાજય હિસાબી સેવા કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૧

રાજય સરકારના હિસાબ અને તિજોરી ખાતાના વર્ગ-૩ના ગુજરાત રાજય હિસાબી સેવા કર્મચારી મંડળની તાજેતરમાં વાર્ષિક સામાન્ય સભા મળી હતી. સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબોને મંજૂર કરવામાં આવ્યા હતા અને વર્ષ ૨૦૧૨-૧૩ તથા ૨૦૧૩-૧૪ના વર્ષ માટે ચૂંટાયેલા હોદ્દેદારોની ચૂંટણી અધિકારી દ્વારા મળેલી યાદીને બહાલી આપવામાં આવી હતી તથા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી.

કર્મચારી મંડળના પ્રમુખ તરીકે એમ.એમ. લહેરી, મહામંત્રી તરીકે એ.વી. સોલંકી, અધિક મંત્રી તરીકે હેમંત રાવલ, ખજાનચી તરીકે જયેશ પરમાર, ઉપપ્રમુખ તરીકે સી.એ. ગઢવી, ડી.બી. કહાર, ડી.જી. કાક્કડીયા, સંગઠન મંત્રી તરીકે આર.એન. કોઠીવાડ, આર.જે. ધાંધલીયા, કે.જી. હરણેશા, હેતલ બ્રહ્મક્ષત્રિય, હર્ષદ ખારવા, કે.એન. ચૌહાણ અને સહમંત્રી તરીકે એ.સી. ગાંધી, જે.બી. મિસ્ત્રી, આર.જી. પટેલ અને જે.એસ. પવારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સભાના અંતે પ્રમુખ અને મંત્રીએ તમામ કર્મચારીઓ તથા કન્વીનરોનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ થયેલું જાહેર કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬
સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦
જૉકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫
જૉકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫
રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦
રીવાયત : ૮.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫
જૉકર : ૮.૧૫
: સ્ક્રીન-૩ :
રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
જૉકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

### સૂર્યા, વાવોલ

રાઝ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ટોટલ રીકૉલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫
નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦
: સ્ક્રીન-૩ :
જૉકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

### ચિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧, ખાતે હિંડોળામાં દાનલીલા અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ.

**વૃષભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગી શકશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : જ્ઞાન વૃદ્ધિ થવાનો યોગ બનશે. વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

**ધન** : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખવો. તમે આધ્યાત્મ તરફ પ્રેરાશો.

**મકર** : શુભ ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું. આકસ્મિક ખર્ચ થઈ શકે છે.

**કુંભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ બની રહ્યો છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

**મીન** : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. અરૂણભાઈ વિશ્રમભાઈ પરમાર (ઉ.વ.૫૨) એમ-૧/૬, પરીજાત એપાર્ટમેન્ટ, સેકટર-૧૩, ગાંધીનગર.
- સ્વ. પુષ્પાબેન કનૈયાલાલ શુકલ (ઉ.વ. ૭૭) એટીપીએમ બી-૧૦/૩૭૭, સાધના, ત્રિમંદિર પાસે, મુ.પો. અડાલજ, તા., જિ. ગાંધીનગર.